ચિલોડા પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ સમારોહ યોજાયો

ચિલોડા, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ચિલોડા મોટા સ્થિત પ્રાથમિક શાળાના પટાંગણમાં શાળાનો વાર્ષિકોત્સવ અને ધોરણ-૮નો શુભેચ્છા સમારંભ યોજાઈ ગયો. આ પ્રસંગે ગામના સરપંચ જયમીનભાઈ પટેલ, એસ.એમ.સી.ના શિક્ષણવિદ્ નટુભાઈ પટેલ પત્રકાર તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક ઉદ્બોધનમાં શિક્ષણવિદ નટુભાઈ પટેલે એક ભારત શ્રેષ્ઠ ભારત વક્તવ્યનું વિશેષ મહત્વ સાથે પ્રશંસા કરી. સાથોસાથ બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી વાર્ષિકોત્સવ મનાવ્યો હતો. શાળાના નિષ્ઠાવાન શિક્ષકો સાથે ધોરણ-૮ બેચના બાળકો શાળામાં પ્રવેશ લઈ આઠ વર્ષ સુધીના સંસ્મરણો યાદ કર્યા હતા. તમામ વિદ્યાર્થીઓને ભેટરૂપે ફાઈલ અને શૈક્ષણિક સામગ્રી સહિત પ્રમાણપત્રયો એનાયત કર્યા હતા. શાળાના તમામ વિદ્યાર્થીઓને બિસ્કીટ આપી ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ સાથે વિદ્યાર્થીઓને શુભેચ્છાસહ વિદાય આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રંકિતભાઈ પટેલે કર્યું હતું.

સેકટર-૨૬ સેઝ ઝોનમાંથી રૂ.૧ લાખથી વધુની કોપર પાઈપની ચોરી

ગાંધીનગર,તા.૧૨

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નારણપુરા સોલા રોડ પર રામેશ્વર એપાર્ટમેન્ટ ૭-૭૯ ખાતે રહેતા જીતેન્દ્ર ભરતભાઈ શાહની (ઉં.૩૬) સેકટર-૨૬ જીઆઈડીસી ખાતે આવેલા સેઝ ઝોનમાં પ્લોટ નં.૧૦ ખાતે જેન્ય ડીજીટલ માર્કેટીંગની કંપની આવેલી છે. આ ચાર માળની કંપનીમાં હાલ બીજા તેમજ ત્રીજા માળે ફર્નિચર તેમજ એસી ફીટીંગનું કામ ચાલે છે. પરંતુ બંન્ને માળમાં દરવાજા નખાવેલા ન હોવાથી ખુલ્લી હાલતમાં હતા. ગત તા.૯ ના રોજ બપોરના સુમારે જીતેન્દ્ર શાહ પોતાની કંપનીમાં ગયો હતો તે સમયે કંપનીના એડમીટ વિભાગના નિમેશ ગજજર એ મને કહ્યું કે આપણી કંપનીમાં એસીનુ કામ કરતા સુનિલ પ્રજાપતિ બાકીનું કામ કરતા માટે આવ્યા છે. જયારે તેઓ બીજા અને ત્રીજા માળે ફીટ કરેલા એસીની પાઈપો નહી હોવાનું કહી રહ્યા છે. જયારે કોપરની પાઈપો કોઈ શખ્સ કાંપીને લઈ ગયો છે. ત્યારબાદ ફેકટરી માલિકે પુછપરછ કરતા કેટલી પાઈપની ચોરી થઈ છે તે અંગે એસીવાળા ભાઈને પુછતા તેણે અંદાજીત ૯૫ કિ.ગ્રા. વજનની રૂ.૧ લાખથી વધુની કોપર પાઈપ અને કોપર પાઈપ જોઈન્ટ નંગ-૧૦ મળી કુલ રૂ.૧.૩૪ લાખની એસીની કોપર પાઈપોની ચોરી થતા ફેકટરીના માલિકે એક શકદાર શખ્સ સામે ફરીયાદ નોંધાવી છે.

આઝાદીના લડવૈયાઓના ત્યાગ-તપસ્યાના સ્મરણ સાથે હવે "લીવ ફોર ધ નેશન"ની પ્રેરણા આપતો રાષ્ટ્ર સેવા ઉત્સવ બન્યો

જિલ્લાના સરઢવમાં પ્રભાત ફેરી-ગ્રામસભા-વૃક્ષારોપણ અને શાળાના જન્મદિન ઉજવણીના બહુવિધ જન ઉમંગ ઉત્સવમાં મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતી

ગાંધીનગર, તા. ૧૨

ગામને ગૌરવ અપાવનારા ગામના વ્યક્તિ વિશેષ, નિવૃત ઉચ્ચ અધિકારીઓ, શિક્ષકોના સન્માન, શાળાનો જન્મદિવસ, વૃક્ષારોપણ સહિતના વિવિધ જનવિકાસ કામો લોકભાગીદારીથી આ જનઉત્સવ અંતર્ગત ઉજવવા માટે જે આહવાન કર્યું છે તેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સરઢવના ગ્રામજનો સાથે સાકાર કર્યું હતું.

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના કાર્યક્રમમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પશુ આરોગ્ય માવજતને પણ આવરી લેવા પ્રેરણા આપી છે. મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરના સરઢવ પશુ આરોગ્ય કેન્દ્રની પણ આ અન્વયે મુલાકાત લીધી હતી.

પશુઓનું રસીકરણ, સઘન સારવાર, માવજત કરીને ગ્રામીણ અર્થતંત્રના આધાર સમા પશુઓના સ્વાસ્થ્યની કાળજી લેવાના ભાવ સાથે મુખ્યમંત્રીશ્રીએ આ પશુ દવાખાનામાં નેશનલ એનિમલ ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ અન્વયે સરઢવના ૧૮૦૦ પશુઓના રસીકરણથી પશુરોગ નિયંત્રણનો પ્રારંભ કરાવ્યો હતો અને આ વેળાએ ગૌ પૂજન પણ કર્યું હતું.

શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રભાત ફેરીના પ્રારંભ પૂર્વે સરઢવના અંબાજી માતા, રણછોડરાય મંદિર સહિતના મંદિરોમાં મંગળા આરતી કરી દર્શન અર્ચન કર્યા હતા અને ગામમાં નવિન આર.ઓ પ્લાન્ટનું પણ લોકાર્પણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગામના પ્રગતિશીલ ખેડૂતો જેમણે પ્રાકૃતિક ખેતી સફળતા પૂર્વક અપનાવી છે તેમનું પણ સન્માન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે ગ્રામજનોને સંબોધન કરતાં કહ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવના અવસરે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ વિકાસના ઉત્સવની પ્રેરણા આપણને આપી છે.

મહાત્મા ગાંધીજીએ ગામડાને ભારતનો આત્મા કહ્યો છે ત્યારે સર્વાંગી ગ્રામવિકાસના કાર્યોને આપણે પ્રાથમિકતા આપી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

આઝાદીનો અમૃત મહોત્સવ આવા ગ્રામીણ વિકાસ કામો માટે નવી જનચેતનાનો અવસર બન્યો છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, આઝાદીનો અમૃત મહોત્સવ આપણને હવે લીવ ફોર ધ નેશન દ્વારા દેશ સેવાની પ્રેરણા આપે છે. તેમણે કહ્યું કે, પાણી, વીજળી, પેટ્રોલ બચાવીને પણ આપણે રાષ્ટ્રસેવા કરી શકીએ તેમ છીયે.

શિક્ષણ મંત્રી શ્રી જિતુભાઇ વાઘાણીએ ગુજરાત દેશના વિકાસનું અને સુશાસનનું જે રોલ મોડેલ બન્યુ છે તેના પાયામાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈનું વિઝનરી નેતૃત્વ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની કર્મઠતાનો સમન્વય છે તેમ જણાવ્યું હતું.

તેમણે સુશાસન સપ્તાહ ઉજવીને રાજયભરમાં કરોડો રૂપિયાના વિકાસ કામો, આવશ્યક ન હોય તે સિવાયના કામો એફિડેવિટમાંથી લોકોને મુક્તિ, તલાટી દ્વારા આપવામાં આવતા દાખલાની મર્યાદા ત્રણ વર્ષ કરવા જેવા અનેક જનહિતલક્ષી નિર્ણયોની ભેટ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આપી છે તેનો પણ વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ સંચાલિત માધ્યમિક શાળાના જન્મદિવસની ઉજવણીમાં પણ શાળા સંકુલમાં જઈને જોડાયા હતા અને શાળાના પૂર્વ વિદ્યાર્થીઓ એવા વરિષ્ઠ નાગરિકો, નિવૃત શિક્ષકો વગેરેનું સન્માન ગૌરવ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી સાથે આ અવસરે ધારાસભ્ય શ્રી શંભૂજી ઠાકોર, પૂર્વ મંત્રી શ્રી વાડીભાઈ પટેલ, સરપંચ શ્રી કિરીટભાઈ પટેલ, સંગઠનના પદાધિકારીઓ તેમજ ગામના વરિષ્ઠ અગ્રણીઓ, શાળાના છાત્રો ગ્રામજનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ખૂણેખાંચરેથી

● સરઢવમાં આજે વિકાસપર્વની ઉજવણી દરમ્યાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પ્રાકૃતિક ખેતીથી પકવેલા ઘઉની જાતો ૪૯૬ અને ૪૫૧ના ૫૦૦ ગ્રામના બે પેકેટ ગામના ખેડૂત ગણપતભાઈ સેંધાભાઈ પટેલે આપી અભિવાદન કર્યુ હતુ.

● સરઢવના બે ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીમાં હળદરની ખેતીનો પ્રયોગ કર્યો હતો. જીતેન્દ્રભાઈ પટેલ અને વિનોદભાઈ પટેલે આંબાવાડિયામાં તેમજ પપૈયાની ખેતી સાથે હળદરની ખેતીનો પ્રયોગ કર્યો હતો.

● વિકાસપર્વની ઉજવણી માટે પહોંચેલા મુખ્યમંત્રીને પશુપાલન વિભાગના અધિકારીઓએ તેમના પડતર પ્રશ્નો અંગે લેખિત રજુઆત કરી છે.

● આજે ગાંધીનગરમાં ગરમીનો પારો ઉંચકાયો છે અને લોકોએ ઘરમાં જ રહેવાનું વધુ પસંદ કર્યુ છે.

● ગાંધીનગરમાં આકરા ઉનાળાના પગલે ઈવનીંગ અને લેટનાઈટ વોકર્સની સંખ્યામાં વધારો થયો છે.

● ખાનગી પ્રા. શાળાઓમાં ધો. ૧ થી ૮ના બાળકોની પરીક્ષાઓ શરૂ થઈ છે.

● ગુજરાત સરકારના સનદી અધિકારી સુશ્રી અંજુ શર્માએ સ્પીરીવીયલ ઈન્ટેલીજન્સ વિષયમાં ડૉક્ટરેટની ડિગ્રી મેળવી છે.

● રાજયના માહિતી નિયામક તરીકે આર.એ. મહેતાએ આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

● ઉવારા સ્વામિનારાયણ મંદિર ખાતે રામ જન્મોત્સવ અને ઘનશ્યામ જન્મોત્સવને લઈ ડ્રાયફ્રૂટનો અન્નકુટ યોજવામાં આવ્યો હતો.

ગીરો મુકેલા મકાનના કાગળો પર જલધારા સુપર માર્કેટના માલિકે રૂ.૧.૨૦ કરોડની લોન લીધી

લોન ભરપાઈ ન કરતા રૂ.૩ કરોડ થઈ ગયા, મહિલાએ મકાનના રૂ.૧૭ લાખ ચુકવ્યા છતા સુપર માર્કેટના માલિક મહિલાને મકાનના કાગળો આપ્યા ન હતા. સમગ્ર મામલે સેકટર-૭ પોલીસ મથકે ત્રણ શખ્સો સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે આવેલી જલધારા સુપર માર્કેટના માલિકે રૂ.૧૭ લાખ હાથ ઉછીના આપ્યા હતા. જયારે રૂપીયાની અવેજીમાં ઘર ગીરવે મુકી તેના કાગળો આપ્યા હતા.

જયારે હાથ ઉછીના લીધેલા તમામ રૂપીયા ચુકવી દીધા બાદ પણ મકાનના કાગળો આપવામાં જલધારાના માલિક ગલ્લા-તલ્લા કરી રહ્યા હતા. તો બીજીતરફ જલધારા સુપર માર્કેટના માલિક મનોજ ધડુકે ફરીયાદીના મકાનના કાગળો અને ઘર ગીરો મુકી બેંકમાંથી રૂ.૧.૨૦ કરોડની લોન લીધી હતી. ત્યારબાદ આ લોન ભરપાઈ નહી કરતા રૂ.૩ કરોડથી વધુની રકમ થઈ જતા બેંક દ્વારા મકાનની હરાજી માટે કબ્જો લેવાની નોટીસ આવતા મકાન માલિક ત્યકતા મહિલાની હાલત કફોડી બની જવા પામી છે. જયારે બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૩ સી પ્લોટ નં. ૪૮૯-૧ ખાતે રહેતા ૫૮ વર્ષિય રમીલાબેન લવજીભાઈ પરમારના પતિ વર્ષ-૨૦૧૧ માં નર્મદા વિભાગમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા. તે સમયે બાળકોના અભ્યાસ અને પૈસાની જરુરીયાત ઉભી થતા લવજીભાઈએ સેકટર-૨૧સ્થિત આવેલ જલધારા સુપર માર્કેટના માલિક મનોજ માવજી ધડુક પાસેથી રૂ.૧૭ લાખ ઉછીના લીધા હતા. જેથી લવજીભાઈએ રૂપીયાની બદલીમાં ઘર ગીરો મુકીને તેમને ઘરના કાગળો આપ્યા હતા. ત્યારે ઘરના કાગળો અને મકાનને બેંકમાં ગીરો મુકીને જલાધારા સુપર માર્કેટના નામથી રૂ.૧.૨૦ કરોડની લોન લીધી હતી.

જે તે સમયે રૂ.૧૭ લાખ પરત કરતા મકાનના કાગળો પરત કરવાનો પણ સમજુતી કરાર મનોજે કરી આપ્યો હતો. જો કે બિમારીને પગલે લવજીભાઈનું અવસાન થતા મનોજ રૂપીયાની બદલીમાં મકાન લખી આપવા માટે દબાણ કરતો હતો. પરંતુ રમીલાબેને રૂપીયા ચુકવી આપવા માટે બાંહેધરી આપી હતી. તેમ છતા મનોજના ભાગીદાર રસીક વગાસીયા (સેકટર-૨૫ પ્લોટ નં.૧૭૬-૧) અને શરદ પટેલ (પરિમલ એપાર્ટમેન્ટ સેકટર-૭ બી ૪-૨૦) પણ રૂપીયા માટે ધમકી આપતા હતા. ત્યારબાદ રમીલાબેને રૂ.૨૦ લાખ ચુકવી દીધા હતા. જેનુ જલધારા સુપર માર્કેટના લેટરપેડ પર લખાણ પણ આપ્યું છે.

રમીલાબેને રૂપીયા ચુકવી દીધા બાદ પણ મનોજ ઘરના કાગળો આપી રહ્યો ન હતો. જયારે રમીલાબેનના ઘરે બેંકની નોટીસ આવી હતી. તેમ છતા મનોજે ઘર છોડાવવાની કાર્યવાહી કરી ન હતી. ત્યારે એક અઠવાડીયા અગાઉ કલેકટર કચેરીથી રમિલાબેનના ઘરે નોટીસ આવી જેમાં મનોજ ધડુકે ત્રણ કરોડ રૂપીયા ભરપાઈ નહી કરતા મકાનની હરાજી કરી દેવામાં આવી છે. આ નોટીસ વાંચીને રમીલાબેનની હાલત કફોડી બની જવા પામી છે. આખરે મનોજે આટલી મોટી રકમ ભરવા માટે હાથ અધ્ધર કરી દેતા સમગ્ર મામલે ત્રણ શખ્સો સામે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

શહેરમાં કપડાની દુકાનોમાં સુતરાઉ કપડાની ડિમાન્ડ વધી

સુતરાઉ અને સફેદ કપડા પહેરવાથી પરસેવો શોષાઈ જાય છે તેથી ઉનાળામાં સુતરાઉ કપડા પહેરવાનું કહેવામાં આવે છે

ગાંધીનગર, તા. ૧૨

શહેરમાં ગરમીની મોસમ શરૂ થઈ ચૂકી છે. એપ્રિલમાં જ ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી વધુ જોવા મળી રહ્યો છે. ત્યારે માર્કેટમાં સુતરાઉ કોટન અને સફેદ રંગના વસ્ત્રોનું ચલણ વધી જવા પામ્યું છે. પરસેવો શોષી લેવા માટે કોટન ફેબ્રિક શ્રેષ્ઠ માનવામાં આવે છે અને તેથી જ કોટનના અને તેમાં પણ સફેદ ઉપરાંત આછા રંગના વસ્ત્રો પહેરવાનો આગ્રહ રાખવામાં આવે છે. કાળા અથવા ડાર્ક કલરનાં વસ્ત્રો પહેરવાથી વધુ ગરમી લાગે છે. તેથી શહેરમાં બજારોમાં સુતરાઉ કરપડાની ખરીદીનો માહોલ વધ્યો છે.

શ્વેત અથવા હળવા રંગનાં વસ્ત્રોમાં સૂર્યના પારજાંબલી કિરણોને શોષવાની પ્રક્રિયા ખૂબ ધીમી થાય છે અને તેના કારણે જ આ પ્રકારના વસ્ત્રો પહેરવા ઉત્તમ રહે છે.

મોટાભાગે ઉનાળામાં મહિલાઓ સ્લીવ લેસ ટોપ અને શોટ્સ પહેરવાનુ પસંદ કરે છે અને એવી જ રીતે પુરૂષો પણ શોર્ટસને પ્રાયોરિટી આપે છે. જોકે એક રીતે જોવા જઈએ તો આકરા તાપમાં શરીરને ઢાંકે તેવા કપડાં પહેરવા પર ભાર મુકવો જોઈએ. સ્લીવલેસ ડ્રેસ પહેરવાને બદલે પોણિયા બાંય અથવા આખી બાંયના કપડાં પહેરવા જોઈએ તેને કારણે ત્વચા ઢંકાયેલી રહે છે અને સૂર્યના કિરણો સીધા ત્વચાને દઝાડતાં નથી. તડકાને કારણે ત્વચા ટેન થવાનો જે પ્રશ્ન રહે છે તેમાં રાહત તો મળે જ છે સાથે જ આખી બાંયના કપડાં પહેરવાથી દાહક ગરમીથી ત્વચાનો બચાવ થાય છે.

આ ઉપરાંત ઉનાળાની ઋતુમાં આ વખતે મોંઘવારીનો માર પણ ચાલી રહ્યો છે. રવિવારના દિવસે માર્કેટમાં શહેરીજનોની ભીડ જોવા મળે છે. સિઝન પ્રમાણે કપડાની પસંદગી કરવામાં આવે છે. માર્કેટમાં શિયાળાની સમાપ્તિ બાદ કપડાના વેપારીઓએ ઉનાળુ કપડાનો સ્ટોક ભરી દીધો હતો. જેની ડિમાન્ડ હાલમાં વધી રહી છે. આ સાથે લગ્નસરાની મોસમ હોવાથી માર્કેટમાં પણ ખરીદીનો માહોલ ચાલી રહ્યો છે. વેપારીઓ પણ આર્થિક રીતે નફો થવાની આશા વ્યક્ત કરી રહ્યા છે. કોરોના મહામારી બાદ માર્કેટમાં મંદીનો માહોલ ચાલી રહ્યો છે જેમાં આ વખતે કોરોનામાં રાહત હોવાથી માર્કેટમાં ખરીદીનો માહોલ અને ઉત્સાહપૂર્વક ખરીદી કરવામાં આવી રહી છે.

શનિવારે સે-૨૯માં બજરંગ દળનો ત્રિશુલ દિક્ષા સમારોહ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં આગામી તા. ૧૬મી એપ્રિલ શનિવારે સાંજે ૬.૦૦ કલાકે સેકટર-૨૯માં રંગમંચ ખાતે વિશ્વ હિન્દુ પરિષદના બજરંગ દળના ગાંધીનગર શહેર ચિલોડા પ્રખંડ દ્વારા ભવ્ય ત્રિશુલ દિક્ષા સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા પદે રાધનપુરના ગોતરકા ખાતેના બ્રહ્મચારી આશ્રમના પૂ. સ્વામી નિજાનંદજી મહારાજ અને એચપીના ઉત્તર ગુજરાત પ્રાંતના કાર્યકારી અધ્યક્ષ હર્ષદભાઈ ગીલેટવારા ઉપસ્થિત રહેશે. વર્તમાન સમયમાં હિન્દુઓ પર અનેક પ્રકારના આક્રમણો થકી સમાજને તોડવાની પ્રક્રિયા ચાલી રહી હોવાનું જણાવતાં સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે વીએચપીના કર્ણાવતી ક્ષેત્ર સહમંત્રી અશ્વનભાઈ પટેલ, ઉત્તર ગુજરાત પ્રાંત મત્રી નલીનભાઈ પટેલ, ઉ. ગુજ. પ્રાંત સંયોજક જવલિતભાઈ મહેતા, ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ નાઝાભાઈ ઘાંઘર, ઋષિવંશી સમાજના પ્રદેશ અધ્યક્ષ હેમરાજભાઈ પાડલીયા અને તુલસી સેફાયરના મન સુરેશકુમાર પટેલ ઉપસ્થિત રહેશે.

સંકુલ સાદરા ખાતે કસ્તુરબા અને ગાંધીજી વિષય પર પ્રવચન યોજાયું

ચિલોડા, તા. ૧૨

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આયોજિત આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કસ્તુરબા અને ગાંધીજી વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના મુખ્ય વક્તા તરીકે ગુજરાત વિદ્યાપીઠના સમાજ વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન અને ઈતિહાસ અને સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. કનૈયાલાલ નાયકે મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. સુતરની આંટીથી સ્વાગત સંયોજક રમેશભાઈ પટેલે કર્યું હતું. ડૉ. કનૈયાલાલ નાયકે આઝાદીની ચળવળ દરમ્યાન ગાંધીજીની સાથે કસ્તુરબાનું યોગદાન પણ મહત્વનું રહ્યું હતું. તેના વિશે વિવિધ ઉદારણો સહિત ચર્ચા કરી હતી. આભારદર્શન ડૉ. રાજેન્દ્ર જોશીએ કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુએ કર્યું હતું. કાર્યક્રમનું આયોજન સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવી અને ડૉ. દિવ્યેશ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કેપીટલ નર્સિંગ કોલેજ ખાતે ક્ષય નિર્મુલન જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા સ્થિત ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કેપીટલ નર્સિંગ કોલેજ ખાતે રાષ્ટ્રીય ક્ષય નિર્મુલન જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે મેડીકલ ઓફિસર ડૉ. કૌશલ નાયક, સુપરવાઈઝર જશુભાઈ પ્રજાપતિ, સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ, ડૉ. જલ્પા રાવલ, સી.બી.એસ.ઈ.ના પ્રિન્સિપાલ ડૉ. સુનિલ રાવલ, નર્સીંગ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. માર્શનીલ ક્રિશ્ચિયન, ગામના સરપંચ જયમીનભાઈ પટેલ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પી.એલ.વી. નટુભાઈ પટેલ, કોલેજનો સ્ટાફ પરિવાર સહિત ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પી.એલ.વી. નટુભાઈ પટેલે રાષ્ટ્રીય ક્ષય નિર્મુલન અંગે જનજાગૃતિ કેળવવા તેમજ ક્ષયના લક્ષણો, હુમલાના કારણો સારવાર-નિવારણ માટે પ્રેરણાદાયી વક્તવ્ય રજૂ કર્યુ હતુ. આ કાર્યક્રમમાં ક્ષય આરોગ્ય સંબંધિત વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધા અને ક્વીઝ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

સહકારી તાલીમ કેન્દ્ર દ્વારા ડિપ્લોમાં ઈન કો.ઓપરેટીવ મેનેજમેન્ટ કોર્ષનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત સરકારના સાહસ ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ અને તાલીમની યોજના મુજબ અમદાવાદ મુકામે ગુજરાત સકારી તાલીમ કેન્દ્ર ખાતે ડીપ્લોમાં ઈન કો-ઓપરેટીવ મેનેજમેન્ટનો કોર્ષ તા. ૨૫-૪-૨૨થી શરૂ થવાનો છે. આ કોર્ષમાં સહકાર, સહકારી વ્યવસ્થા-સંચાલન, સહકારી બેકિંગ, સહકારી કાયદો, સહકારી નામા પદ્ધતિ, સહકારી ધંધાકિય આયોજન અને કોમ્પ્યુટર જેવા વિષયે શીખવાડવામાં આવશે. જેમાં ૧૮ અઠવાડીયા થીયરી અને ૨ અઠવાડીયા પ્રેક્ટીકલ તાલીમ આપવામાં આવશે. ગુજરાતમાં ૮૩ હજાર જેટલી સહકારી મંડળીઓ, સહકારી બેંકો અને સહકારી સંઘો સામાજીક વિકાસકારી રોજગારી આપી રહી છે. જેમાં મુખ્યત્વે અમૂલ દૂધ સંઘ અને દૂધ સાગર સંઘ જેવા ૧૭ દૂધ સંઘો અને અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંક જેવી ૧૮ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંક તેમજ અન્ય સહકારી સંસ્થાઓ આવેલી છે. ધોરણ-૧૦ પાસ અને સહકારી ક્ષેત્રમાં બે વર્ષનો અનુભવ અથવા ધોરણ-૧૨ પાસ બિનઅનુભવી ખાનગી વિદ્યાર્થી અથવા ગ્રેજ્યુએટ હોય તેવા કોઈપણ ઉંમરના ઉમેદવાર આ કોર્ષમાં જોડાઈ શકે છે. નોકરી કરતા ઉમેદવારો માટે ખાસ વ્યવસ્થા કરી આપવામાં આવશે. માત્ર ૩૦ની સંખ્યામાં પ્રવેશ આપવાનો હોવાથી તા. ૨૧-૪-૨૨ સુધીમાં મોબાઈલ વોટ્સએપ નં. ૯૪૨૭૩૮૫૩૮૬ ઉપરથી મેળવી વિગતો ભરી પરત કરવાનું રહેશે. વધુ વિગતો માટે અમદાવાદના રિલીફ રોડ પર જ્યોતિ સંઘ પાછળ, સહયોગ બિલ્ડીંગમાં ચોથે માળે ગુજરાત રાજ્ય સહકારી સંઘની કચેરી ખાતે પ્રિન્સિપાલનો સંપર્ક સાધવા જણાવાયુ છે.